EDII

Sandesh (City Life)

August 05, 2023
Page No. 01

### તામિળનાડુના રાજ્યપાલ આર.એન. રવિએ આંત્રપ્રિન્યોર્સને કહ્યું કે,

# આજે ભારત એક લાખથી વધુ સ્ટાર્ટઅપ્સ સાથે વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે







## આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (EDII)ના ૨૨માં કોન્વોકેશન સેરેમનીમાં ૫૪ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરાઇ

**સિટી લાઇફ |** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII)એ શુક્રવારે તેના ૨૨મી કોન્વોકેશન સેરેમની યોજાઈ. આ પ્રસંગે ૫૪ વિદ્યાર્થીઓને ડિપ્લોમા અને ફેલો ડિગ્રી એનાયત કરાઈ હતી, જેમાં પોસ્ટગ્રેજ્યુએટ ડિપ્લોમાના ૫૨ અને મેનેજમેન્ટના બે ફેલો સામેલ છે. ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનીલ શુક્લાએ માનનીય રાજ્યપાલ અને મહેમાનોનું સ્વાગત કર્યુ હતું. તેમણે શિક્ષણ, સંશોધન, તાલીમ, એમએસએમઈ, ઈનોવેશન અને સર્વાંગી વિકાસ ક્ષેત્રે ૪૦ વર્ષ દરમિયાન ઈડીઆઈઆઈના કાર્યની રૂપરેખા આપી હતી. કોન્વોકેશનમાં તામિળનાડુના રાજ્યપાલ આર.એન.રવિ મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. ગ્રેજ્યુએટ થયેલા વિદ્યાર્થીઓને સંબોધીને આર.એન.રવિએ કહ્યું કે, તમે એવાં સમયે ગ્રેજ્યુએટ થઈ રહ્યાં છો કે જ્યારે દેશ મોટાપાયે ક્રાંતિકારી બદલાવમાંથી પસાર થઈ રહ્યો છે. આજે ભારત એક લાખથી વધુ સ્ટાર્ટઅપ્સ સાથે વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. આ ફક્ત આપણા યુવાનોની સાહસિક ભાવનાને કારણે છે.




### ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ઘણી એન્ટરપ્રાઇઝની સ્થાપના કરી છે

ઇડીઆઇઆઇના પ્રેસિડેન્ટ તથા આઇડીબીઆઇ બેંક લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ રાકેશ શર્માએ કહ્યું હતું કે, ઇન્સ્ટિટ્યૂટના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ એવી એન્ટરપ્રાઇઝની સ્થાપના કરી છે કે જેઓ સફળતા બદલ પ્રશંસા અને ધ્યાન આકર્ષિત કરી રહ્યાં છે. તેમાંથી કેટલીક એન્ટરપ્રાઇઝીસ લિસ્ટેડ કંપની પણ બની છે. ઇન્સ્ટિટ્યૂટના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ભાગ્યશાળી છે કે તેમને પ્રધાનમંત્રી, રાજ્યના મુખ્યમંત્રી અને બીજા મહાનુભાવો પાસેથી સલાહ મળી છે. મને આશા છે કે વધુ લોકો એક ઉદ્યોગસાહસિક બનવાના લાભોને સમજવા આગળ આવશે તથા કેવી રીતે તેમના ઉદ્યોગની સ્થાપના કરીને સફળ બનવું તેની જાણકારી મેળવી શકશે.

### પર્સનલ હેલ્થ પર ધ્યાન રાખો, તે તમારી ક્રિએટિવિટી પર અસર કરે છે

તામિલનાડુના રાજ્યપાલ આર.એન. રવિએ વધુમાં કહ્યું કે, વર્તમાન યુગ દરેક વ્યક્તિ માટે અપાર તકોનું સર્જન કરી રહ્યો છે. આથી તમારા ભાગ્યને અજમાવો અને આગળ વધો. આપણો દેશ યુવાનોને તેમની ઊર્જા અને સામર્થ્યનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરી રહ્યો છે અને એક એવી ઇકોસિસ્ટમની રચના કરાઈ રહી છે, જ્યાં યુવાનો આગળ વધી શકે. મને વિશ્વાસ છે કે યુવાનોનું ઇનોવેશન્સ ભારતને વિશ્વની અગ્રણી અર્થવ્યવસ્થા બનાવશે. તમે દેશની મિલકત છો એટલે પર્સનલ હેલ્થનું ધ્યાન રાખો. તે તમારી ક્રિએટિવિટી પર અસર કરે છે. મોટા સપના જુઓ અને ક્યારે આત્મવિશ્વાસ ગુમાવશો નહીં.